حلقہ طلبہ و نوجوانان
79

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

...અત્તમાઇમો.........શિર્કુન

( અલ હદીસ, અબુ દ.ઊદ )

# તા'વીઝ ગંડા શિર્ક છે

અલહુમ્દોલિલ્લાહે નહમદોહુ વનસ્તઇનોહુ વનસ્તગફિરોહુ વનુઅમિનો બિહી વ નઊઝોબિલ્લાહે મિન શુરૂરે અન્ફોસના વ મિન સય્યેઆતે આ'માલના મંય યહદેહિલ્લાહો ફલા મુદિલ્લા લહુ વ મંય યુદલિલ હો ફલા હાદિયા લહુ વ અશહદો અલ-લાઇલાહા ઇલ્લલ્લાહો વ અશહદો અન્ના મુહમ્મદન અબ્દોહુ વ રસુલોહુ.

અમ્માબા'દ–ઉમ્મતે મુસ્લેમાની બરબાદીનું મુળ કારણ એ નથી કે તેના પાસે સાધનોની ઉગ્ર તંગી છે અથવા તે અત્યારના જ્ઞાન–વિજ્ઞાનના મેદાનમાં બહુ પાછળ રહી ગઇ છે. બલકે તેનું મુળ કારણ એ છે કે એક માલિકને ભાગીદાર વિહોણો અને અજોડ માનનારી આ મિલ્લતના મોટા ભાગના માણસોએ 'શિર્ક'ને પોતાનો મઝહબ બનાવી લીધો છે. એકલા અને એક માત્ર 'ઇલાહ'ની સાથે સાથે અગણિત 'ઇલાહ' ઘડી કાઢયા છે અને તેમની પુજા થઇ રહી છે.

### ઉમ્મતે મુસ્લેમાના 'અહબાર' અને 'રોહબાન'

ગજબની વાત તો એ છે કે આ કામમાં ઉમ્મતના પીરો અને કહેવાતા આલિમોએ મુખ્ય ભાગ ભજવ્યો છે. તેઓ જ પોતાની દુનિયા બનાવવા અને પોતાની ઔલાદના ઉજ્જવળ ભવિષ્યની વ્યવસ્થા કરવા માટે શિર્કના સૌથી મોટા આશ્રય-દાતા બનેલા છે. દરરોજ એક નવો મંતર ફુંકીને તેનો લાભ સમેટવો એ તેમની મનપસંદ પ્રવૃત્તિ બની ગઇ છે,

આ જ એ લોકો છે કે જેઓ જન્મથી માંડીને મૃત્યુ સુધીના દરેક તબકકે પોતાની કામગીરીનો હકક બળજબરીથી વસુલ કરે છે. પરવરદિગારે આલમે તેમના ...શે જ ઇર્શાદ ફરમાવ્યો છે કે :

يَا أَيُّهَا الَّذِيْنَ آمَنُوْا –
إِنَّ كَثِيْرًا مِّنَ الْأَحْبَارِ وَالرُّهْبَانِ لَيَأْكُلُوْنَ أَمْوَالَ النَّاسِ بِالْبَاطِلِ وَيَصُدُّوْنَ
عَنْ سَبِيْلِ اللّٰهِ ط (سورہ توبہ آیة ۳۴)

ભાવાર્થ : એ ઇમાન લાવનારાએ ! આ મૌલવીએ તથા પીરોની બહુમતિની હાલત એ છે તેઓ ખોટી રીતે લોકોનો માલ ખાઇ જાય છે અને એટલાથી જ સંતોષ નથી માનતા બલકે તેમને અલ્લાહના રસ્તે જતા પણ અટકાવી દે છે.

( તૌબા : આ : ૩૪)

આ વાત સાવ સાચી છે કે આ પીર અને મૌલવી ફતવા વેચે છે અને નજરાણાં વસુલ કરે છે એટલોજ અત્યાચાર નથી કરતા બલકે પોતાના મકસદો માટે તેમણે આખી દુનિયાને ગુમરાહીએના ચક્કરમાં ફસાવી રાખી છે અને એવી એવી મઝહબી રસમો ઘડી કાઢી છે જેમના કારણે લોકોનું મરવું અને જીવવું, શાદી અને ગમ જે કાંઇ પણ છે એ તેમને ખવડાવ્યા પીવડાવ્યા સિવાય પાર પડી શકતું નથી. એટલે સુધારણના ઉદ્દેશથી જ્યારે પણ કોઇ સત્યનો સંદેશ પહોંચાડવા માટે ઊઠે છે તો સૌથી પહેલાં આ જુથ જ પોતાની વિદ્વતાયુક્ત ધોખાબાજીનાં હથિયારો લઇ લઇને તેનો માર્ગ રોકવા માટે ઊભા થઇ જાય છે અને એવું વાતાવરણ સર્જાવી દે છે કે દુનિયા આશ્ચર્યચકિત થઇને દાંતમાં આંગળાં નાખી લે છે. (ગ્રહિત)

## તા'વીઝ ગંડાનો ધંધો

'બનુ ઇસરાઇલ'ના આલિમો તથા મશાયખની જેમ આ ઉમ્મતના એ જ પીરો તથા કહેવાતા આલિમોએ તા'વીઝ ગંડાના ધંધાને પરાકાષ્ટાએ પહોંચાડી દીધો છે. અને તેમના ઉપર પણ કુર્આને કરીમનો આ ઇર્શાદ સંપુર્ણપણે બંધબેસતો આવે છે :

نَبَذَ فَرِيقٌ مِّنَ الَّذِينَ أُوتُوا الْكِتَابَ كِتَابَ اللَّهِ وَرَاءَ ظُهُورِهِمْ كَأَنَّهُمْ
لَا يَعْلَمُونَ ۝ وَاتَّبَعُوا مَا تَتْلُو الشَّيَاطِينُ عَلَىٰ مُلْكِ سُلَيْمَانَ ج (البقرة-آية ١٠١-١٠٢)

ભાવાર્થ : અહલે કિતાબના એક જુથે અલ્લાહની કિતાબને એવી રીતે પીઠ પાછળ નાખી દીધી જાણે તેઓ કશું જાણતા જ નથી. અને અલ્લાહની કિતાબને તજીને તેમણે એ ચીજોનું અનુસરણ શરૂ કરી દીધું કે જે સુલયમાન અલયહિસ્સલામની સલ્તનતનું નામ લઇને શયતાનો રજુ કરતા હતા. (અલ બકરહ : ૧૦૧-૧૦૨)

## તા'વીઝ ગંડા અને તેમની શરઇ હેસિય્યત

ઉમ્મતે મુહમ્મદિયાની ગરદનોને તપાસવામાં આવે તો કોઇમાં કાગળનું તા'વીઝ લટકતું હશે તો કોઇમાં નાની સરખી કુર્આનની પ્રત. કોઇમાં દુનિયાના દરોના સિક્કા હશે તો કોઇમાં કોડીઓ અને શંખલા. કોઇમાં વળી ચાકુ કે છરી

લટકતાં હશે. આ બધી વસ્તુઓ અલ્લાહના આ બંદાઓની માન્યતા મુજબ તેમને બલાઓથી બચાવવા અને બીમારીઓથી સુરક્ષિત રાખવા માટે હોય છે. હવે આ વસ્તુઓ અંગે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના ઇર્શાદાત પણ સાંભળી લો.

### તા'વીઝ લટકાવવું શિર્ક છે

عن عبد الله بن مسعود رضـ قال سمعت رسول الله صلى الله عليه وسلم يقول انّ الرُّقى والتَّمائم والتِّوَلَة شرك۔" (رواه ابوداؤد مشكوٰة۔ صـ ٣٨٩)

ભાવાર્થ : અબ્દુલ્લાહ ઇબ્ને મસઊદ રદિયલ્લાહો તઆલા અન્હો રિવાયત કરે છે કે મેં રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને એમ કહેતાં સાંભળ્યા છે કે છુટકારો, તા'વીઝ અને તિવલા (મનમેળ કરાવી આપનારા તા'વીઝ) બધું શિર્ક છે.
(મિશ્કાતમાં અબુ દાઊદની રિવાયત પા : ૩૮૯)

જેમાં શિર્કના શબ્દો ન હતા એવા કેટલાક છુકારા (દમ)ની તો નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે પરવાનગી આપી દીધી. પરંતુ તા'વીઝ અથવા તિવલાની તો બિલકુલ છુટ ન આપી. આજકાલ તા'વીઝની જેમ તિવલા (મહોબ્બત કે મનમેળ પેદા કરનારા તા'વીઝ)નો રિવાજ પણ બહુ જ સામાન્ય થઇ પડયો છે. આ સ્ત્રી અને પુરૂષમાં મહોબ્બત પેદા કરવા માટે કામમાં લેવામાં આવે છે. ભલે પછી એ સ્ત્રી કોઇ બીજાની પરણેતર જ કેમ ન હોય.

બીજી એક રિવાયતમાં આમ કહેવાયું છે.

عن دُخين الحجرى عن عقبة بن عامر الجهنى رضـ انّ رسول الله صلى الله عليه وسلم اقبل اليه رهطٌ فبايع تسعةً وامسك عن واحدٍ فقالوا يا رسول الله بايعت تسعةً وامسكت عن هذا؟ فقال انّ عليه تميمة فادخل يده فقطعها۔ فبايعه وقال من تعلق تميمةً فقد اشرك (رواه احمد مسند احمد جلد ٤ صـ ١٥٦)

ભાવાર્થ : અકબા બિન આમિર અલ જહની (રદિ.) રિવાયત કરે છે કે નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પાસે એક જુથ આવ્યું. નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે તેઓમાંના નવ માણસોની બયઅત લઇ લીધી અને એકને મુકી દીધો. લોકોએ કહ્યું. અય અલ્લાહના રસુલ ! આપે નવ માણસો પાસેથી બયઅત લીધી અને એકને મુકી દીધો ? આપે ઇર્શાદ ફરમાવ્યો : તેના પાસેથી એ કારણે બયઅત ન લીધી કે તેણે તા'વીઝ પહેરી રાખ્યું છે. આ સાંભળીને એ સાહેબે

અંદર હાથ નાખીને તા'વીઝ તોડી નાખ્યું. એટલે નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે તેમના પાસેથી પણ બયઅત લઇ લીધી અને ફરમાવ્યું. જેણે તા'વીઝ લટકાવ્યું તેણે શિર્ક કર્યું.

(મસ્નદ અહમદ જિલ્દ ૪ પા. ૧૫૬)

શું આ હદીસ એમ નથી જણાવતી કે દરેક પ્રકારનું તા'વીઝ નાજાયઝ છે? નહિંતર નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ઓછામાં ઓછું એટલું તો જરૂર પુછયું હોત કે આ તા'વીઝ તમે લટકાવી રાખ્યું છે તેમાં કુર્આન તો લખેલું નથી? અલ્લાહનાં નામો તો લખેલાં નથી? તા'વીઝ જોઇને તેમના પાસેથી આપનું બયઅત ન લેવું શું એ સાબિત નથી કરતું કે દીનદારીની કળાના આજના નિષ્ણાતો પોતાના ધંધા માટે જે વિવિધ બહાનાં બતાવે છે એ બધા લંગડા બચાવ સિવાય બીજું કશું નથી?

બીમારીનું તાવીઝ

عن عیسیٰ بن حمزةؒ قال دخلتُ علیٰ عبد اللّٰہ بن عُکیمؓ وبه حمرة فقلت الا تعلّق تمیمة فقال نعوذ باللّٰہ من ذالك قال رسول اللّٰہ صلی اللّٰہ علیه وسلّم من تعلّق شیئاً وُکِّلَ الیه۔ (رواہ ابوداؤد، مشکوٰۃ ص۳۸۹۔ ترمذی جلد۲ ص۲۸)

ભાવાર્થ : ઇસા બિન હમ્ઝહ (રહ.) કહે છે કે હું અબ્દુલ્લાહ બિન હકીમ (રદિ.) ને જોવા ગયો. તેઓ 'હમરહ' (લાલ બાદા)ની બીમારીથી પીડાતા હતા. મેં તેમને કહ્યું કે આપ 'હમરહ' માટે તા'વીઝ શા માટે નથી લટકાવી લેતા? તેમણે કહ્યું કે તા'વીઝથી અલ્લાહ બચાવે. રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું કે જેણે પણ આવી કોઇ ચીજ લટકાવી તો તેને એ ચીજના હવાલે કરી દેવામાં આવશે.

(અબુ દાઉદ : મિશ્કાત પા : ૩૮૯ : તિરમિઝી જિલ્દ ૨ પા : ૨૮)

આથી જાણવા મળ્યું કે બલાઓથી બચવા બીમારી દુર કરવા અને તકલીફને હટાવવા માટે જે કોઇ તા'વીઝનો ઉપયોગ કરશે તેની સાથે અલ્લાહતઆલા કશો સરોકાર નહિ રાખે અને તે વ્યકિતને એ જ તા'વીઝ અને ગંડાને હવાલે કરી દેશે.

અહીં એ વાત પણ ધ્યાનમાં રહેવી જોઇએ કે તા'વીઝ માટેની સલાહ આપનાર એક 'તાબેઇ' હતા અને તેઓ કોઇ શિર્ક ભરેલા લખાણવાળા તા'વીઝ અંગે એક સહાબીને સલાહ આપી શકતા ન હતા. પરંતુ સહાબી રદિયલ્લાહો તઆલા અન્હો કોઇ પણ પ્રકારનાં તમીમા (તાવી'ઝ) અંગે નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની એક હદીસ બયાન કરીને તા'વીઝથી અલ્લાહની પનાહ માંગે છે.

## તા'વીઝના વેપારીઓનો એક માત્ર આધાર

તા'વીઝ ગંડાના વેપારીઓને અત્યંત દર્દમંદી સાથે એવી ગુઝારિશ કરવામાં આવે છે કે લિલ્લાહ આ ધંધાથી અટકી જાવ અને પોતાનું ઇમાન અને આખેરત દુનિયા માટે બરબાદ કરવાથી તમને શું મળવાનું છે? તો જવાબ મળે છે કે જરા હોશમાં આવો, શું સહાબી અબ્દુલ્લાહ બિન અમ્ર ઇબ્નુલ આસે (રદિ.) પોતાનાં બાળકોનાં ગળામાં તા'વીઝ નહોતાં લટકાવ્યાં?

આ રિવાયતની શું હેસિયત છે એ વાત નક્કી કરી લેવી યોગ્ય જણાય છે. કારણ કે આ એકમાત્ર રિવાયત જ આ ગૃહસ્થો માટે આધારરૂપ છે.

عن محمد بن اسحاق عن عمرو بن شعيب

عن ابيه عن جده ان رسول الله صلى الله عليه وسلم كان يعلمهم من الفزع كلمات اعوذ بكلمات الله التامة من غضبه وشر عباده ومن همزات الشياطين وان يحضرون وكان عبد الله بن عمرو يعلمهن من عقل من بنيه ومن لم يعقل كتبه فاعلقه عليه رواه ابوداؤد وفي رواية الترمذي ومن لم يبلغ منهم كتبها في صك ثم علقها في عنقه (ابوداؤد ترمذی مشکوٰة ص ۲۱۷) ترجمہ:-

ભાવાર્થ : અબ્દુલ્લાહ બિન અમ્ર ઇબ્નુલ આસથી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઊંઘમાં ડરી જનારાઓ માટે આ દુઆ શીખવતા હતા. 'અઊઝુબેકલ્માતિલ્લાહે લતામ્મતે મિન ગદબેહી વશર્રે ઇબાદેહી વ મિન હમ્ઝાતિશ્શયાતીન વઇંય યહદરૂન' રાવીનું કથન છે કે અબ્દુલ્લાહ બિન અમ્ર પોતાના સમજદાર બાળકોને આ દુઆ શીખવી દેતા હતા અને અણસમજુ બાળકોનાં ગળાંમાં એ લખીને લટકાવી દેતા હતા.

(અબુ દાઊદ પા : ૫૪૩, તિરમિઝી મિશ્કાત પા: ૨૧૭)

## આ રિવાયતની કમજોરીઓ

આ એક રિવાયતમા કેટલીય કમજોરીઓ છે.

(૧) રિવાયતોના આખા જથ્થામાં આ પોતાના પ્રકારની એકમાત્ર રિવાયત છે. તેનું 'સહીહ' હોવું તો એક તરફ રહ્યું એ 'હસન' રિવાયત પણ નથી. ઇમામ તિરમિઝી (રહ.) કોઇ રિવાયતને 'સહીહ' ઠરાવવા અંગે બહુ જ ઉદાર સાબિત થયા

છે તેઓ પણ આ રિવાયતને 'હસન'ના દરજ્જો દેવા પણ તૈયાર નથી. બલ્કે હસન ગરીબ કહે છે.

(૨) તેની બીજી કમજોરી એ છે કે તેમાં અબ્દુલ્લાહ બિન અમ્ર (રદિ.) માટે એ વાકય કે તેઓ આ દુઆને પોતાના અણસમજુ (નાની વયનાં) બાળકોનાં ગળામાં લખીને લટકાવી દેતા હતા એ હદીસના શબ્દો નથી બલ્કે રાવી તરફથી એ વાત કહેવામાં આવી છે.

(૩) આ રિવાયતની ત્રીજી કમજોરી એ છે કે જે અબ્દુલ્લાહ બિન અમ્ર (રદિ) માટે આ રિવાયતમાં એમ કહેવામાં આવ્યું છે કે તેઓ પોતાનાં નાનાં બાળકોનાં ગળાંમાં આ દુઆ લખીને લટકાવી દેતા હતા ખુદ એ જ અબ્દુલ્લાહ બિન અમ્ર (રદિ.)થી તાં'વીઝ લટકાવવાની બુરાઇમાં સહીહ રિવાયત આવેલી છે. પછી એ કેવી રીતે શકય છે કે એક સહાબી કોઇ ચીજની બુરાઇ અંગે હદીસ પણ રિવાયત કરે અને બીજી તરફ એ બુરાઇમાં પોતે સપડાયેલા પણ હોય.

મજકુર રિવાયત આ મુજબ છે :-

عن عبد الله عمرو بن العاص رض

قال سمعت رسول الله صلى الله عليه وسلم يقول ما ابالى ما اتيت ان انا شربتُ ترياقًا وتعلّقتُ تميمة او قلتُ الشعر من قِبل نفسى (رواه ابوداؤد صـ٥٤٠ ومشكوٰة صـ٣٨٩)

ભાવાર્થ : અબ્દુલ્લા બિન અમ્ર રદિયલ્લાહો તઆલા અન્હોથી રિવાયત છે કે મેં રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને એમ કહેતાં સાંભળ્યા કે જો હું આ ત્રણ વાતો કરૂં તો તેનો અર્થ એ છે કે હવે મને હક અને નાહકની કશી દરકાર નથી. એ ત્રણ વાતો આ છે. (૧) તિર્યાકનો ઉપયોગ કરૂં કે જેમાં શરાબ અને સર્પનું ગોશ્ત હોય છે. (૨) તાં'વીઝ લટકાવું અને (૩) શાયરી કરૂં.

(મિશ્કાતમાં આ હદીસના રાવી તરીકે ભુલથી અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર (રદિ.)નું નામ લખાઇ ગયું છે. અલ્લામા ઇબ્ને હજર અસ્કલાની કહે છે કે આ રિવાયત અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર (રદિ.)થી નથી પણ અબ્દુલ્લાહ ઇબ્ને અમ્ર (રદિ.)થી છે. અબુ દાઊદમાં પણ આ રિવાયત એજ રીતે છે.)

(૪) આ રિવાયતની ચોથી કમજોરી એ છે કે તેના બે રાવી મુહમ્મદ બિન ઇસ્હાક અને અમ્ર બિન શુઅયબ એવા રાવીઓ છે જેમના વિશે હદીસના

ઇમામોએ ઉગ્ર ચર્ચા કરી છે. મુહમ્મદ બિન ઇસ્હાક બિન યસાર વિશે ઇમામ માલિક (રહ.) ફરમાવે છે કે દજ્જાલુમ મિન દજાજેલતુમ. دجّالٌ من الدجاجلة

એટલે કે તે દજ્જાલોમાંનો એક દજ્જાલ છે. (તહઝીબ જિલ્દ ૯ પા. ૪૧ મીઝાન જિલ્દ ૩. પા. ૨૧).

સુલયમાન તમીમી કહે છે કે તે કઝ્ઝાબ (મહાન જુઠો) છે. હિશ્શામ બિન ઉર્વાહ કહે છે કે તે કઝ્ઝાબ છે. યહ્યા કિત્તાન કહે છે કે હું એ વાતની સાક્ષી આપું છું કે તે કઝ્ઝાબ (મહાન જુઠો) છે. (મીઝાનુલ એ'તેદાલ : જિલ્દ ૩, પા ૨૧) વહીબ બિન ખાલિદ તેને કાઝિબ (જુઠો) કહે છે. (તહઝિબ જિલ્દ ૯ પા. ૪૫.) જરીર બિન અબ્દુલ હમીદનું કથન છે કે હું માનતો હતો કે એ સમય સુધી હું જીવતો નહિં રહું જયારે લોકો મુહમ્મદ બિન ઇસ્હાક પાસેથી હદીસો સાંભળશે. (તહઝીબુત્તહઝીબ જિલ્દ ૨, પા: ૩૦૬).

હવે આવા જુઠા રાવીઓ માટે હદીસના ઇમામો શું કહે છે એ પણ જાણી લો.

واذا قالوا متروك الحديث او واهيا او كذاب فهو ساقط لا يكتب حديثه (تقريب النواوى ص ٢٣٣)

એટલે કે જયારે મુહદ્દીસો કોઇ રાવી માટે એમ કહે કે તે 'મતરૂક' છે અથવા 'વાહી' છે અથવા 'કઝ્ઝાબ' છે તો એ રાવી બિનવિશ્વાસ પાત્ર હોય છે. તેની રિવાયત લખવામાં પણ નથી આવતી. (તકરીબુન્નવાવી પા : ૨૩૩)

આ રિવાયતના બીજા રાવી અમ્ર બિન શુઅયબ છે. તેઓ મુહમ્મદ બિન ઇસ્હાકના ઉસ્તાદ છે તેમનો મામલો પણ પોતાના શાગિર્દથી જુદો નથી. અબુ દાઊદ કહે છે કે 'અમ્ર બિન શુઅયબ અન અબી હુ અન જદ્દેહી લયસા બે હુજ્જત' એટલે કે અમ્ર બિન શુઅયબે પોતાના પિતા અને તેમના દાદાથી કરેલી રિવાયત 'હુજ્જત' નથી હોતી. (એટલે કે એ માનવી જરૂરી નથી હોતી.) આ રિવાયત એ જ રીતે બયાન કરવામાં આવી છે.

બીજી રિવાયતમાં એમ છે કે તે અડધી 'હુજ્જત' પણ નથી. યહ્યા બિન સઇદનું કહેવું છે કે અમ્ર બિન શુઅયબ અમારા મત મુજબ 'વાહી' છે. ઇમામ અહમદ કહે છે કે અમ્ર બિન શુઅયબની રિવાયત 'હુજ્જત' નથી. (તહઝીબુત્તહઝીબ જિલ્દ ૮ પા. ૪૯–૫૦) અબુ ઝરઆનું કથન છે કે અમ્રે પોતાના પિતા પાસેથી માત્ર થોડીક રિવાયતો સાંભળી છે. પરંતુ, તેઓ પોતાના બાપ અને દાદા સાથે સંબંધિત કરીને બધી અણ સાંભળેલી રિવાયતો જરાય અચકાટ વગર બયાન કરે છે. (મીઝાનુલ એતેદાલ. જિલ્દ ૨, પા. ૨૮૯) ઇબ્ને હજર (રહ.) કહે છે કે તેમણે પોતાના

બાપ અને દાદા પાસેથી કાંઇ પણ નથી સાંભળ્યું. તેઓ માત્ર કિતાબમાંથી નકલ કરીને 'તદ્લીસ'થી કામ લે છે. (તબકાતુલ મુદસ્સલીન : પા. ૧૧)

(૫) આ રિવાયતની પાંચમી કમજોરી એ છે કે કોઇ પણ સહાબી અથવા કોઇ તાબેઇએ 'તમીમા' (તા'વીઝ)ને જાયઝ નથી ઠરાવ્યું. જે એમ કહેવામાં આવે છે કે કેટલાક સહાબા પણ એવા તા'વીઝોને જાયઝ ગણતા હતા જેમાં અલ્લાહનાં નામ અથવા અલ્લાહની સિફાત લખેલી હોય તો એ વાત સાચી નથી. આ વાત કહેનારા એ વિષયમાં ઉમર (રદિયલ્લાહો તઆલા અન્હો) આયેશા (રદિયલ્લાહો તઆલા અન્હા) અને અબ્દુલ્લાહ બિન અમ્ર ઇબ્નુલ આસનું નામ લે છે. આ તો ખુલ્લો અત્યાચાર છે.

હઝરત ઉમર (રદિ.) માટે એમ કહેવામાં આવે છે કે તેમણે એક સાહેબને કાગળની એક પરચી પર 'બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ' بسم الله الرحمن الرحيم લખીને આપ્યું હતું અને કહ્યું હતું કે તેને ટોપીમાં ટાંકી લેજો એથી માથાનું દર્દ મટી જશે. આ માત્ર એક ઘડી કાઢેલી વાત છે. નાઇલ નદીને વહેતી કરવા માટે તેમણે એક પરચી એ નદીના નામે લખી મોકલી હતી એ વાત પણ એવી જ ઘડી કાઢેલી છે.

અબ્દુલ્લાહ ઇબ્ને અમ્ર ઇબ્નુલઆસ વિશે ઉપર વિગતવાર વર્ણન આવી ગયું છે. એટલે તેઓ તા'વીઝ (તમીમા)ને જાયઝ સમજતા હતા એમ કહેવું સહીહ નથી. એજ રીતે ઉમ્મુલ મોમેનીન આયેશા (રદિયલ્લાહો તઆલા અન્હા) વિશે એમ કહેવું કે તેઓ તાવીઝને જાયઝ સમજતાં હતાં એ એક સ્પષ્ટ બોહતાન છે. હદીસના આખા જથ્થામાં આવી એક પણ રિવાયત મૌજુદ નથી. આગળ એ વાત વિગતવાર આવી રહી છે કે શિર્કના દરેક પ્રકારથી તેઓ કેટલી હદે બેઝાર હતાં. સાચી વાત એ છે કે કોઇ પણ પ્રકારના તા'વીઝનો જવાઝ ન તો નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમથી સાબિત છે. ન ખુલફાએ રાશેદીનથી અને ન કોઇ બીજા સહાબીથી. રહ્યા તાબેઇન તો તેમના ફતવા પણ જોઇ લો. આ રહ્યા એ ફતવા.

તાબેઇનના ફતવા

عن وكيع عن سعيد بن جبيرٌ قال من قطع تميمةً من انسانٍ كان كعدل
رقبة (رواه وكيع)

ભાવાર્થ : સઇદ બિન જબીર (રહ.) તે મહાન તાબેઇ છે જેમને ઝાલિમ હજ્જાજ બિન યુસુફ શહીદ કર્યા હતા અને એમના પછી તે કોઇ બીજાને શહીદ કરી

શકયો નહિ. એ સઇદ બિન જબીર (રહ.) અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ (રદિ.)ના શાગિર્દ હતા. વકીઅ (રહ.) તેમનાથી રિવાયત કરે છે કે તેમણે કહ્યું કે જે માણસે કોઇનું તા'વીઝ કાપી નાખ્યું તો જાણે તેણે એક જીવને મુકત કરાવ્યો.

عن ابراهيم النخعی قال كانوا يكرهون التمائم كلها من القرآن وغير القرآن (رواه وكيع)

ભાવાર્થ : ઇમામ અબુ હનીફાના ઉસ્તાદના ઉસ્તાદ અને મશહુર તાબેઇ ઇબ્રાહીમ નખઇથી વકીઅ રિવાયત કરે છે કે તેમણે કહ્યું કે બધા સહાબા અને તાબેઇન તા'વીઝને નાજાયઝ ઠરાવે છે. પછી તે કુર્આનની આયતો ઉપર આધારિત હોય કે બિનકુર્આની બાબતો પર.

કુર્આને કરીમ અને તેની આયતોને તાવીઝ સ્વરૂપે લટકાવવા અંગે કેટલાક નાદાનો એવી દલીલ કરે છે કે શું કુર્આનને શિફા (તંદુરસ્તી) કહેવામાં નથી આવ્યું ? અને જો કુર્આન 'શિફા' છે તો પછી તેનું લટકાવવું શા માટે શિફા (તંદુરસ્તી)ના કારણરૂપ નહિ બને ? તેમને કોઇ પુછે કે શું મધમાં તંદુરસ્તી (શિફા) હોવાનું કુર્આનમાં નથી કહેવામાં આવ્યું ? હવે કોઇ મધને ખોરાક તરીકે વાપરવાને બદલે તેને બોતલમાં ભરીને પેટ પર બાંધી લે તો એમ કરનારને શું પાગલ ગણવામાં નહિં આવે ?

બેશક, કુર્આન શિફા છે. પરંતુ, એ શિફા ત્યારે છે જ્યારે તેનો ઉપયોગ અલ્લાહ અને તેના રસુલ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે બતાવ્યો છે એ રીતે કરવામાં આવે. પોતાની મનમાની રીતે તેનો ઉપયોગ કરવાથી નહિ. કુર્આન શિફા ત્યારે છે જયારે તેના અર્થો સમજીને તેની તિલાવત કરવામાં આવે. તેમાંથી બોધ ગ્રહણ કરવામાં આવે. તેમાં જે કાંઇ કહેવામાં આવ્યું છે તેના ઉપર વિચાર કરવામાં આવે અને તેના આદેશો મુજબ પોતાના જીવનને ઢાળવા માટે તેના ઉપર અમલ કરવામા આવે. જે લોકો 'શિફા' મેળવવા માટે કુર્આનને તા'વીઝ બનાવીને લટકાવી લે છે તેમની મિસાલ એવી છે જાણે બીમાર પડનાર બીમારીની હાલતમાં ડોકટરે લખી આપેલી દવાઓનો કાગળ (નુસ્ખો) અથવા ડોકટરી ઇલાજ અંગે લખાયેલી આખી કિતાબ પોતાના ગળામાં લટકાવી લે.

આ ગંડા તા'વીઝનો વેપાર કરનારા લોકો માટે કુર્આને ફરમાવ્યું છે :

وَمَا يُؤْمِنُ اَكْثَرُهُمْ بِاللّٰهِ اِلَّا وَهُمْ مُشْرِكُوْنَ (يوسف ١٠٦)

ભાવાર્થ : અને તેઓમાંના મોટા ભાગના અલ્લાહ ઉપર ઇમાન લાવ્યા પછી શિર્ક પણ કરે છે. (યુસુફ/૧૦૬)

એ જ કારણે આલિમો એવા તા'વીઝોની પણ મનાઇ કરે છે અને તેને નાજાઇઝ ઠરાવે છે જેમાં કુર્આન લખેલું હોય.

قال القاضی ابوبکر العربی۔

تعلیق القرآن لیس من طریق السنۃ انما السنۃ فیہ ذکر دون التعلیق (عون المعبود شرح ابی داؤد جلد ۴ ص)

•

ભાવાર્થ : કાઝી અબુબક્ર અલ અરબી ફેસલો આપે છે કે કુર્આન લટકાવવું સુન્નત તરીકો નથી સુન્નત તો એ છે કે કુર્આનમાંથી બોધ ગ્રહણ કરવામાં આવે તેને લટકાવવામાં ન આવે. (ઔનુલ મા'બુદ જિલ્દ ૪ પા. ૬).

કુર્આની તાવીઝને જાયઝ ઠરાવનારા તાવીઝ અને ગંડાના આ વેપારીઓને અમારૂં કહેવું એ છે કે ક્યારેય તમે તમારા ગ્રાહકોને એમ પણ કહ્યું છે કે લોકો! તમે જે તા'વીઝ લટકાવીને ફરો છો તેમને ખોલીને જરૂર જોઇ લો. બની શકે છે કે તેમાં કુર્આનની આયતોના બદલે 'યા જિબ્રઇલ'. 'યા મિકાઇલ' લખ્યું હોય અથવા 'બમ મહાદેવ' અને 'ટન ગણેશ' લખ્યું હોય. જો એમ હોય તો એવા તાવીજ જરૂર ઉતારીને ફેંકી દેજો. કારણ કે એ શિર્ક છે હા. જો તેમાં ખરેખર કુર્આની આયતો અને અલ્લાહનાં નામો લખેલાં હોય તો પેશાબ પાયખાને જવા ટાણે તેમને જરૂર ઉતારીને અલગ રાખી દેજો કારણ કે નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ એવા પ્રસંગે પોતાની અંગુઠી ઉતારી નાખતા હતા.

અમારો દા'વો છે કે ઇમાનના આ શિકારીઓ ક્યારેય આમ કરવા માટે તૈયાર નહિ થાય. કારણ કે એ રીતે તો તેમના ધંધા પર અસર પડશે અને પેટ પર પડનારો એ પ્રહાર તેઓ સહન કરી લે એ અશક્ય છે.

આ બધી વાતો પછી પણ કેટલાક માણસો આ કામને ચાલુ રાખવાના આગ્રહી છે અને 'આ'માલે કુર્આની' તથા 'નકુશે સુલયમાની'ના નામે પોતાના આ ધંધાને વિકસાવવા માગે છે તો એ તેમની પોતાની જવાબદારી છે. બારગાહે ખુદાવંદીમાં તેઓએ તેનો જવાબ આપવો પડશે. અફસોસ કે ઉમ્મતે મુસ્લેમાના આ કહેવાતા આલિમો કુર્આન અને હદીસની કેવી ઠેકડી ઉડાવે છે કે કોઇ કહે છે.

فَذَبَحُوهَا وَمَا كَادُوا يَفْعَلُونَ 'ફઝબહુ હા વમા કાદુ યફઅલુન' લખેલા તાવીઝની આ તાસીર છે અને وَأَلْقَتْ مَا فِيهَا وَتَخَلَّتْ 'વ અલકત માફીહા વતખલ્લત' લખ્યું હોય એ તાવીઝની આ તાસીર છે.

**તાંત અને દોરાધાગા**

તાવીઝો ઉપરાંત તાંત અને દોરા ધાગાની બીમારી પણ બહુ જ ખરાબ રીતે ફેલાયેલી છે. ક્યાંક એકાંતરિયા તાવનો દોરો દેખાય છે તો ક્યાંક નજર લાગવાથી બચાવવા માટેની તાંત. તેના મુકાબલામાં નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની હદીસો તો બતાવે છે કે શિર્કની આ નિશાનીઓ જો જાનવરોનાં ગળામાં પણ આપને જોવા મળી તો આપે ત્યાંથી પણ એ કપાવી ફેંકી હતી.

عن ابی بشیرالانصاری انہ کان مع رسول اللہ صلی اللہ علیہ وسلم فی بعض اسفارہ فارسل رسولاً ان لایبقین فی رقبۃ بعیرقلادۃ من وتراوقلادۃ الاقطعت (مسلم کتاب اللباس والزینۃ)

ભાવાર્થ : અબુ બશીર અન્સારી રિવાયત કરે છે કે તેઓ એક વખત નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ સાથે પ્રવાસમાં હતા. નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે એક ઢંઢેરો પીટનારને મોકલ્યો જે કાફલામાં ઢંઢેરો પીટીને લોકોને કહેતો હતો કે કોઇના ઊંટની ગરદનમાં તાંતનો પટ્ટો અથવા એવી જ કોઇ બીજી ચીજ બાંધેલી હોય તો તેને કાપીને ફેંકી દેવામાં આવે. તેને હરગિઝ બાકી રહેવા દેવામાં ન આવે. (મુસ્લિમ : કિતાબુલ્લિબાસ)

ઇસ્લામ પહેલાંના સમયમાં આવા પટ્ટા જાનવરોને નજર ન લાગે એ માટે તેમનાં ગળાંમાં નાખવાંમાં આવતા હતા. આ પ્રકારનાં કામો પ્રત્યે સહાબાએ કિરામ કેટલો ધિક્કાર ધરાવતા હતા તેનો અંદાજો હુઝયફા બિન અલ યમાન (રદિ.)ના નીચે રજુ થતા વલણથી આવી શકે છે.

عن عروۃؓ قال: دخل حذیفۃ علی مریضٍ فرأی فی عضدہ سیراً فقطعہ او انتزعہ۔ ثم قال وَمَا یُؤمِنُ اَکثَرُھُم بِاللّٰہِ اِلَّا وَھُم مُشرِکُونَ (سورۃ یوسف آیۃ ۱۰۶) (رواہ ابن ابی حاتم۔ تفسیر ابن کثیر صفحہ ۴۹۴ جلد ۲)

ભાવાર્થ : ઉર્વાહથી રિવાયત છે કે હુઝયફા બિન અલ યમાન (રદિ.) એક બીમારને જોવા ગયા તો તેના બાવડા પર એક દોરો બાંધેલો જોયો. તેમણે એ દોરો કાપી નાખ્યો અને કુર્આનની એ આયત પઢી જેનો અર્થ થાય છે કે મોટા ભાગના લોકો અલ્લાહને માને છે જરૂર પણ તેની સાથે બીજાઓને શરીક પણ ઠરાવે છે. (તફસીર ઇબ્ને કસીર જિલ્દ–૨ પા : ૪૯૪)

વકીઅ (રહ.)ની રિવાયતમાં એટલી વાત વધારે છે કે હુઝયફા (રદિ.) એ બીમારને કહ્યું કે તારા હાથ ઉપર આ ધાગો બંધાયેલો હોય એવી હાલતમાં જો તું મરી જાય તો હું તારા જનાઝાની નમાઝ નહિ પઢું.

## કડા અને છલ્લા પહેરનારા જન્નતમાં નહિ જાય

عن عمران بن حصين رضي الله
تعالىٰ عنه أنّ النبي صلى الله عليه وسلم
رأى رجلاً في يده حلقة من صُفرٍ فقال ما هذا قال من الواهنة فقال انزعها
فإنها لا تزيدك إلّا وهنًا۔ فإنك لو متّ وهي عليك ما أفلحت أبدًا۔ (رواه احمد
بسند لا بأس به وابن حبّان في صحيحه والحاكم وقال صحيح الاسناد واقرّه الذهبي)

(ઉમ્રાસની સનદથી અહમદની રિવાયત, સહીહમાં ઇબ્ને હુબ્બાનની રિવાયત અને હાકિમ અઝ–ઝહબી કહે છે કે આ રિવાયત અસ્નાદ અને પઠન બંને રીત સહીહ છે.)

ભાવાર્થ : ઇમરાન બિન હસીન રિવાયત કરે છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે એક માણસના હાથમાં પિત્તળનો કડો જોયો તો પુછયું. 'આ શું છે?' તેમણે જવાબ આપ્યો. 'વાહેના'ના કારણે પહેર્યો છે. (એટલે કે હાથની કમજોરી અને બીમારી દુર કરવા માટે) નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમે તેને રદ કર્યો અને ફરમાવ્યું કે એ તો ઊલટી બીમારીને વધારશે. અને જો તું તેને પહેરેલી હાલતમાં મરી જશે તો કયારેય સફળતા નહિં પામે. (જન્નતમાં નહિ જાય.)

(અહમદ, ઇબ્ને હુબ્બાન, અલ–હાકિમ)

નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું ફરમાન તો આ છે અને આજે ઉમ્મતે મુહમ્મદીમાં જયાં જુઓ ત્યાં કડા જ કડા અને છલ્લા જ છલ્લા નજરે પડે છે.

### આસેબ અને બલાઓ દુર કરવાં

એ વાત યાદ રહેવી જોઇએ કે મુશ્રિકોનાં બાળકો ઉપર આસેબ (જિન્ન. ભુત. પરી વગેરે)ની અસર બહુ જલદી થઇ જાય છે અને તેનો બચાવ માત્ર લોખંડની ચીજથી થઇ શકે છે. એટલે બાળક જો ઘરમાં હોય તો તેના પાસે છરી અથવા ચાકુ મૌજુદ હોવાં જોઇએ અને જો બાળક ઘરથી બહાર નીકળે તો પણ તેના પાસે આ વસ્તુઓ હોવી જોઇએ. આ એક શુધ્ધ મુશ્રિકોના રસમ છે. ઇસ્લામ પહેલાંના અરબોમાં પણ એ રિવાજ પ્રચલિત હતો. આ વિષયમાં ઉમ્મુલ મોમેનીન આયેશા રદિયલ્લાહો તઆલા અન્હાનો ફતવો ચિંતન અને મનન ચાહે છે.

عن عائشةؓ كانت تؤتى بالصبيان اذا ولد وافتدعو لهم بالبركة فاتيت بصبي فذهبت تضع وسادة فاذا تحت راسه موسى فسالتهم عن الموسى فقالوا نجعلها من الجن فاخذت الموسى فرمت بها ونهتهم عنها وقالت ان رسول الله صلى الله عليه وسلم كان يكره ويبغضها وكانت عائشة تنهى عنها۔

(باب الطيرة من الجن' ادب المفرد للبخاری ص ۱۸۰)

ભાવાર્થ : ઉમ્મુલ મોમેનીન આયેશા (રદિ.) પાસે નવજન્મિત બાળકો લાવવામાં આવતાં હતાં અને તેઓ એ બાળકો માટે અલ્લાહ પાસે બરકતની દુઆ કરતાં હતાં. એક દિવસ આપની પાસે એક બાળકને લાવવામાં આવ્યું. જ્યારે આપ તેનો તકિયો ઠીક કરવા લાગ્યાં તો એ બાળકના માથા નીચે તેમને એક ઉસ્તરો દેખાયો. આપે પુછ્યું આ શું છે? બાળકનાં માબાપે કહ્યું, 'બાળકને જિન્નાતથી સુરક્ષિત રાખવા માટે અમે આમ કરીએ છીએ. આયેશા (રદિ.) એ ઉસ્તરો ફગાવી દીધો અને એ લોકોને એમ કરવાની મનાઇ ફરમાવી અને કહ્યું. 'રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લામ આ (પ્રકારના ટોણા ટોટકા)ને સખત ના પસંદ કરતા હતા અને તેને ઉગ્ર રીતે ધિક્કારતા હતા. એટલે જ આયશા (રદિ) તેનાથી મનાઇ ફરમાવતાં હતાં.

(અલ-અદબુલ મુફર્રદ પા. ૧૮૦)

## જિન્નાત ઉતારવો

મઝહબી ધંધાદારીઓએ જિન્નોના આવવા જવા અને સવાર થવા વિશે એવા એવા અગણિત કિસ્સા ઘડી રાખ્યા છે જેમની મદદથી તેઓ પોતાના ધંધાને વિકસાવવા અંગે બરાબર વ્યવસ્થા કરતા રહે છે. હકીકતમાં જિન્ન કોઇના અંગમાં આવે (તેના ઉપર સવાર થઇ જાય) એ એક નરદમ જુઠાણું છે. ભલે પછી લાખો માણસો તેને પોતાની નજરે દીઠેલા બનાવ તરીકે બયાન કરતા હોય. અફસોસ તો એ વાતનો છે કે દલીલરૂપે એક એવી રિવાયત રજુ કરવામાં આવે છે જેમાં કહેવાયું છે કે સઅદ બિન ઉબાદહ રદિયલ્લાહો તઆલા અન્હોને સીરિયામાં જિન્નોએ શહીદ કરી નાખ્યા હતા. જો કે જાણકારો જાણે છે કે આ રિવાયત બિલકુલ ખોટી અને સદંતર ઘડી કાઢેલી છે. એ જ હાલત અબ્દુલ્લાહ ઇબ્ને મસઊદ (રદિ.) જિન્નાત ઉતારતા હતા એ પ્રકારની જે રિવાયત પ્રચલિત છે તેની છે.

ધંધાની વાત અલગ છે. બાકી વ્યવહાર અને અમલની દુનિયામાં આજ સુધી કોઇ 'વહેમીથી વહેમી માણસે પણ એમ નથી કહયું કે આ ખુન કોઇ ઇન્સાને નહિ. બલકે જિન્ને કર્યું છે. કોઇ પોલીસ પણ ક્યારેય એવા પરિણામ પર નથી

પહોંચી કે આ ચોરી જિન્નોનું કારનામું છે. આ જિન્ન ઉતારનારા થોડાક પૈસાઓ માટે આ ધિક્કારપાત્ર ધંધો કરે છે. તેઓ પોતે જિન્નોને કબ્જામાં કરીને મોટી મોટી રકમો શા માટે એકઠી નથી કરી લેતા?

હકીકતમાં આ જિન્ન કાં તો એવી સ્ત્રીઓને આવે છે જેઓ ઘરમાં પોતાનું મહત્વ વધારવા ચાહે છે અથવા એવા જવાનોને પોતાનો 'પરચો' દેખાડે છે જેઓ પોતે ઘરમાં પોતાની કોઇ વાત કબુલ કરાવવા ચાહે છે.

આ જીન્ન ઉતારનારાઓ વિશે નબુવ્વતની પવિત્ર જીભેથી જે કાંઇ ફરમાવવામાં આવ્યું છે તે પણ સાંભળી લેવું જોઇએ.

عن جابر بن عبد الله رض قال سئل رسول الله صلى الله عليه وسلم عن النشرة
فقال هو من عمل الشيطان - (رواه ابوداؤد ص ٥٤٠ جلد ٢)

ભાવાર્થ : જાબિર બિન અબ્દુલ્લાહ રદિયલ્લાહોતઆલા અન્હો રિવાયત કરે છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને પુછવામાં આવ્યું કે નુશરહ (એટલે કે જિન્ન ભુત ઉતારવાનું કામ) કેવું છે અને તે વિશે આપનો શું હુકમ છે. આપે ઇર્શાદ ફરમાવ્યો કે એ શયતાની અમલ (કામ) છે.

(અબુ દાઊદ જિલ્દ ૨ પા : ૫૪૦)

જિન્ન ભુત ભગાવનારા, તાવીઝ ગંડાના વેપારી અને દોરા ધાગા તથા કડા છલ્લાના પ્રચારકો પણ એ જ લોકો છે જેમનું વર્ણન ઉપર આવી ચુક્યું છે. તેમની નીડરતાની એ હાલત છે કે તેઓ એટલાથી જ અટકી નથી જતા બલકે ઇલ્મે ગયબ અને આવતી કાલની ખબરો પણ તેઓ આપે છે. કોઇને કહે છે કે મેં કિતાબ જોઇ છે તમારી માતા ઉપર ફલાણા જિન્નનો પડછાયો છે અને તેને ભગાડવાનો તરીકો મને આવડે છે. કયારેક કહે છે કે તમારી કોઇ વસ્તુ ગુમ થઇ જાય તો મને પુછો હું બતાવીશ. પછી કયારેક કોઇ બકવાસ જેવી કિતાબ જોઇને અને કયારેક નખો પર પઢવાનું બહાનું કરીને કોઇ વાત કહી દે છે. આ લોકોને વાસ્તો પડે છે મુશરિકાના દિમાગ અને એવા જ વિચાર ધરાવનારા અણસમજુ માણસો સાથે એટલે તેમના તરફથી કોઇ જોખમી શિકાયતનો તેમને સામનો થતો નથી. એક જ ખાનદાનના એક માણસને તાંવીઝ આપીને ઘર-ફળિયા કે બહાર કયાંય તેને દફન કરવાનું ઠેકાણું બતાવે છે. અને બીજાને કહે છે કે ફલાણા ઠેકાણે તમારા દુશ્મને તમારી વિરૂધ્ધનાં તાંવીઝ દાટયાં છે. જાવ તેને ખોદીને કાઢો અને ફેંકી દો. આ રીતે આ ગૃહસ્થ આખા પરિવારના માણસોને એકબીજાથી વિરૂધ્ધ લડાવીને પોતાની કમાણી કરતા રહે છે. અલ્લાહતઆલા તેમની બુરાઇથી સુરક્ષિત રાખે.

## પાણીમાં છુકારો મારવાનો ધંધો

તા'વીઝ ગંડાની સાથો સાથ પાણીમાં છુકારો મારીને (દમ કરીને) પીવડાવવાનો ધંધો પણ ધમધોકાર ચાલે છે. મસ્જિદની બહાર માણસો વાસણો લઇને ભેગા હોય છે કે નમાઝ પુરી થાય અને માણસો બહાર આવે તો તેઓ પોતાનાં વાસણોમાં તેમના પાસેથી છુકારો મરાવે.

સૌથી વધુ હંગામો રમઝાનમાં છેલ્લી તરાવીહની રાતે થાય છે, એ સમયે કારી (હાફિઝ)ની સામે બોતલો અને વાસણોની હાર બંધાઇ જાય છે. અને આ બધું દીનદારીના વેશમાં થાય છે. કાશ ! કોઇ તેમને બતાવે કે નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે જે ચીજની મનાઇ કરી છે તેનાથી કશી ભલાઇની આશા રાખવી એ ઇમાનથી જ વિરૂધ્ધની વાત છે. પછી તેનાથી 'શિફા' (બીમારી કે બલા દફે થવાની આશા કેવી રીતે રાખી શકાય છે.

عن ابی سعید الخدریؓ ان النبی صلی اللہ علیہ وسلم نھی
عن النفخ فی الشراب - (رواہ الترمذی وقال حدیث حسن صحیح)

ભાવાર્થ : અબુ સઇદ ખુદરી (રદિ.) રિવાયત કરે છે કે નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે પીવાની ચીજમાં ફુંક મારવાની મનાઇ ફરમાવી છે. (તિરમિઝી)

તિરમિઝીએ આ રિવાયત કરી છે અને કહ્યું છે કે એ રિવાયત હસન સહીહ છે. વધુમાં અબુ દાઊદમાં પણ એ રિવાયત છે.)

(૨) عن ابن عباس رضی اللہ عنھما ان النبی صلی اللہ علیہ وسلم
نھیٰ ان یتنفس فی الاناء او ینفخ فیہ (رواہ الترمذی وقال حدیث حسن
صحیح وابوداؤد).

ભાવાર્થ : ઇબ્ને અબ્બાસ રદિયલ્લાહો તઆલા અન્હોમાંથી રિવાયત છે કે નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે વાસણમાં શ્વાસ લેવા અથવા ફુંક મારવાની મનાઇ ફરમાવી છે. (તિરમિઝી)

આ બંને રિવાયતો હસન સહીહ છે અને એ વાતને સ્પષ્ટ કરે છે કે આજે દીનદારીના પડદામાં જે કામ કરવામાં આવી રહયું છે તે હદીસે નબવીથી સદંતર વિરૂધ્ધનું છે.

પાણી દમ કરી આપવા ઉપરાંત બીજા ધંધા પણ જોરશોરથી ચાલે છે.

કોઇ રકાબીઓમાં કુર્આનની આયતો લખીને આપે છે અને કહે છે કે આને ઘોળી-ને પી જજો. બધાં દુઃખ દર્દ દુર થઇ જશે. કોઇ ફલીતા બળાવે છે કે આ દુઆ પઢીને તેને બાળજો, ઘર પાક થઇ જશે. ક્યાંક જિન્નને બોતલમાં ઉતારવામાં આવે છે અને ક્યાંક 'દીવાને હાફિઝ'માંથી ફાલ કાઢવામાં આવે છે. કોઇ નજુમના ઇલ્મના આધારે કિસ્મત બતાવે છે તો કોઇ તોતા અને મેના મારફત નસીબ બતાવે છે. કોઇ ફીરોઝા અથવા બીજો કોઇ પથ્થર અંગુઠીમાં મઢાવીને એ વાતનો ઉમેદવાર છે કે તેના રિઝકમાં વધારો થશે તો કોઇ 'ધન છોડ' (Money Plant) દ્વારા પોતાના ઘર અને દુકાનમાં દોલતનો વરસાદ વરસાવવા ચાહે છે. ક્યાંક કોકના નામની ચોટલી રાખી લેવામાં આવી છે તો કોઇના નામે બાળ મોત્રાળા રાખવામાં આવે છે. કોઇ કાનમાં ગયરૂલ્લાહના નામની વાળી નાખી રહયો છે તો કોઇ પગમાં બેડીઓ પહેરી રહયો છે. મતલબ કે ચોતરફ કુફ્ર અને શિર્કનું તોફાન ઊઠી રહ્યું છે. એવા સંજોગોમાં પણ કોઇ તૌહીદપરસ્ત (મુવહ્‌હિદ) સુધારણા માટે ન ઊઠયો તો પછી તૌહીદની વાત જ બાકી ક્યાં રહેશે ?

## તાવીઝ ગંડા અને છુ છુકારાનું મહેનતાણું લેવું

કહેવામાં આવે છે કે ઉપરોક્ત બધાં કામો અમે ઉમ્મતની ભલાઇની લાગણીથી પરવશ થઇને કરીએ છીએ. બાકી આમાં અમારો અંગત લાભ તો કાંઇ જ નથી. પરંતુ. હકીકત એથી સાવ ઊલટી છે. આ બધું કરવાનો એક માત્ર ઉદ્દેશ કમાણી કરવાનો છે. એ સિવાય બીજો કશો નથી. એટલે આવી કમાણી. તાવીઝ ગંડા અને છુ છુકારાનું વળતર મેળવીને કરવામાં આવતી કમાણીને હલાલ અને જાયઝ સાબિત કરવા માટે તેઓ કુર્આનની આયતો અને હદીસોની ખોટી અર્થતારવણી કરતાં પણ અચકાતા નથી.

આ વિષયમાં જે હદીસ પર સહુથી વધુ બળપ્રયોગ અને અત્યાચાર કરવામાં આવ્યો છે તે હદીસ અબુ સઇદ ખુદરી (રદિ.)ની રિવાયત કરેલી છે અને બુખારીમાં નોંધાયેલી છે. તેના શબ્દો આ રીતે છે.

عن ابی سعید الخدری رضی ان ناسًا

من اصحاب النبی صلی الله علیه وسلم اتوا علی الحیّ من احیاء العرب فلم یقروهم فبینما هم

کذالك اذ لدغ سید اولئك فقالوا هل معكم دواءٍ او راقٍ فقالوا انكم لم تقرونا

ولا نفعل حتی تجعلوا لنا جُعلاً فجعلوا لهم قطیعًا من الشاءِ فجعل یقرأ بأمّ القرآن و

یجمع بزاقه ویتفلُ فبرأ فاتوا بالشّاء فقالوا لا ناخذها حتی نسئل النبی صلی الله علیه

وسلم فسألوه فضحك وقال ما ادراك انها رقية خذوها واضربوا لى بسهم وفى رواية اقسموا واضربوا لى معكم سهمًا ـ (بخارى جلد ٢ ص ٨٥٤) وفى رواية سليمان بن قتة فبعث الينا بالشاء والنزول فاكلنا الطعام ـ

ભાવાર્થ : અબુ સઇદ ખુદરી (રદિ.) રિવાયત કરે છે કે સહાબાએ કિરામની એક જમાંઅત એક અરબ કબીલાના રહેઠાણ પાસેથી પસાર થઇ. કબીલાવાળાઓએ તેમની મહેમાની કરવાનો ઇન્કાર કરી દીધો. એ જ અરસામાં એ કબીલાના સરદારને એક ઝેરી જંતુએ ડંખ માર્યો. કબીલાવાળાઓએ સહાબાને પુછયું કે શું તમારા પાસે ઝેરી જાનવરના ડંખની દવા છે? અથવા તમારામાંથી કોઇ એવો છે જેને ડંખ ઉતારવાનો મંતર આવડતો હોય? સહાબાએ જવાબ આપ્યો. 'હા, પરંતુ તમે તે લોકો છો જેમણે અમારી મહેમાની કરવાનો ઇન્કાર કરી દીધો છે. એટલે અમે ત્યાં સુધી તમારા સરદાર ઉપર છુકારો નહિ નાખીએ જ્યાં સુધી તમે અમને તેનું વળતર આપવાનો વાયદો ન કરો. છેવટે અમુક સંખ્યામાં ઘેટાં આપવા તેઓ તૈયાર થઇ ગયા. એક સહાબી (રદિ.) એ સુરએ ફાતેહા પઢતાં પઢતાં પોતાના મોઢામાં થુક એકત્ર કર્યું અને પછી એ થુક તે સરદાર પર થુંકી દીધું. કબીલાનો સરદાર બિલકુલ તંદુરસ્ત થઇ ગયો. કબીલાવાળાઓ વાયદા મુજબ તેમના માટે ઘેટાં લઇ આવ્યા. પરંતુ. સહાબાએ કિરામે તે સ્વીકારવા અંગે અચકાટ અનુભવ્યો. તેમણે કહયું કે જ્યાં સુધી અમે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને પુછી નહિ લઇએ ત્યાં સુધી આ ઘેટાં સ્વીકારશું નહિ. પછી જ્યારે તેમણે નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમને પુછયું તો આપ હસ્યા અને કહ્યું. તમને કેવી રીતે જાણ થઇ કે સુરએ ફાતેહાથી છુકારો પણ મારી શકાય છે. જાવ ઘેટાં લઇ આવો અને મારો પણ તેમાંથી ભાગ કાઢજો. બીજી રિવાયતમાં છે કે ઘેટાં આપસમાં વહેંચી લો અને મારો પણ તેમાં ભાગ રાખજો. (બુખારી જિલ્દ—૨ પા : ૮૫૪) સુલયમાન બિન કતહે આ રિવાયતમાં એટલો ઉમેરો કર્યો છે કે 'પછી એ કબીલવાળાઓએ અમારા માટે ઘેટાં મોકલ્યાં અને ખાણું પણ મોકલ્યું અને અમે તે ખાધું.

આ હદીસ સાફ બતાવી રહી છે કે આ એક અસધારણ બનાવ હતો. આ ખાસ પ્રસંગે સહાબાએ કિરામે કબીલાવાળાઓ પાસેથી વળતર માત્ર તેમણે દેખાડેલી બેમુરવ્વતીથી નારાજ થઇને માગ્યું હતું કારણ કે આ એક રિવાયતને બાદ કરતાં હદીસના સમસ્ત સંગ્રહમાં એક પણ સહીહ રિવાયત એવી નથી જેનાથી જાણી શકાય કે બીજા કોઇ પ્રસંગે પણ સહાબાએ આવું કોઇ કામ કર્યું હોય અથવા તેનું વળતર લીધું હોય. રહી ખારજા બિન અલ-સલતની રિવાયત તો ખારજા પોતે ઝઇફ (અવિશ્વાસનીય) છે.

બીજી વાત એ છે કે આ નિર્ભેળ વળતરનો મામલો છે પણ નહિ. કારણ કે આ દેટાં જો વળતર તરીકે આપવામાં આવ્યાં હોત તો એ માત્ર દમ કરનારનું

વળતર હતું. તેમની વહેંચણી કરવી અને નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું તેમાં પોતાનો ભાગ રાખવાનું કહેવું વળતરના મામલા સાથે તો સંબંધિત હોઈ શકતું નથી એટલે આ હદીસના આધારે વળતરને જાયઝ ઠરાવવાનો અર્થ તારવવો તો કોઇ રીતે સહીહ નથી હકીકતમાં નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનો આ ઇર્શાદ સહાબાએ કિરામનું દિલ રાખવા માટે હતો. કારણ કે ખાવાપીવાની વસ્તુઓ જ્યાં મળતી ન હોય, એવા સ્થળે એક કબીલા તરફથી મહેમાની કરવાનો ઇન્કાર કરી દેવો સખત ખતરનાક પરિણામોના કારણરૂપ બની શકે છે. આવા અસાધારણ સંજોગો માટે નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે આ વાત કહી હતી, જેથી કબીલાવાળાઓએ બાદમાં જે કાંઇ તેમને ખવડાવ્યું પીવડાવ્યું તે અંગે તેમને ખેદ ન થાય. બાકી સામાન્ય સંજોગોમા નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે કુર્આન અંગે કશું વળતર લેવાની સખતીથી મનાઇ ફરમાવી છે. આ વિષયમાં નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમની સંખ્યાબંધ હદીસો રજુ કરી શકાય છે. જેમાંની કેટલીક અહીં આપવામાં આવી છે:-

(૧) عن عبدالرحمٰن بن شبل الانصاری قال سمعت من رسول اللّٰہ صلی اللّٰہ علیہ وسلم اقرؤا القرآن ولا تأکلوا بہ۔ (مسند احمد ص۴۴۴ جزء ۳)

ભાવાર્થ : અબ્દુર્રહેમાન બિન શુબલ અન્સારી (રદિ.)થી રિવાયત છે કે મેં નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ પાસેથી સાંભળ્યું છે કે કુર્આન પઢો પણ તેને રોટી કમાવવાનું સાધન બનાવો નહિ. (મુસ્નદ અહમદ જુઝ–૩ પા : ૪૪૪)

(૨) عن بریدہ قال قال رسول اللّٰہ صلی اللّٰہ علیہ وسلم من قرأ القرآن یتأکل بہ الناس جاء یوم القیامۃ ووجہہ عظم لیس علیہ لحم۔

(رواہ البیہقی مشکوٰۃ ص۱۹۳)

ભાવાર્થ : બુરયદા રિવાયત કરે છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ઇર્શાદ ફરમાવ્યો કે જેણે કુર્આન પઢીને તેને લોકો પાસેથી રોજી મેળવવાનું સાધન બનાવ્યું તે કયામતના દિવસે એવી હાલતમાં આવશે કે તેના ચહેરા પર માત્ર હડકાં હશે. ગોસ્ત નહિ હોય. (બયહકી, મિશ્કાત, પા : ૧૯૩)

એટલે જ તો ઇમામ બુખારીએ પોતાની સહીહ બુખારીમાં કુર્આનને રોટી કમાવવાનું સાધન બનાવવાના ગુનાહ અંગે એક આખું પ્રકરણ બનાવ્યું છે.

باب اثم من راٰی بقراءۃ القرآن او تأکل بہ او فجر بہ،

એટલે કે તે શખ્સના ગુનાહનું પ્રકરણ કે જે કુર્આનને રિયાકારી (ડોળ અને દંભ) માટે ઉપયોગમાં લે અથવા તેને રોટી કમાવવાનું સાધન બનાવે. અથવા તે દ્વારા ફિસ્ક અને ફિજુર કરે. (બુખારી પા : ૭૫૬)

(૩) અબુ દાઊદની રિવાયતમાં છે કે ઉબાદહ બિન સામત (રદિ.) એ એક માણસને કુર્આનની તાલીમ આપી હતી. તેમના એ શાગિર્દે તેમને ભેટ તરીકે એક ધનુષ્ય આપ્યું તો નબી સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ફરમાવ્યું કે આ આગનો ગાળિયો (તૌક) છે જો પહેરવાની હિમ્મત હોય તો સ્વીકારી લો. (અબુ દાઊદ પા : ૪૮૫)

આ સ્પષ્ટ અને સાફ હદીસોની રોશનીમાં હસન બસરી (રહ.)નો એક ફતવો પણ નજર સામે રહે તો વધુ મુનાસિબ છે.

عن الحسن البصری انّه قال البهلوان الذی فوق الحبال احسن من العلماء الذين يميلون الیٰ المال لانّه يأكل الدنيا بالدنيا وهؤلاء يأكلون الدنيا بالدين-

( مرقاة شرح مشكوٰة ص۱۲۵ جلد۲ )

અર્થાત : હસન બસરી (રહ.) ફરમાવે છે કે દોરડા પર ચાલીને કરતબ દેખાડનારો નટ કે જે દોરડા ઉપર હોય છે તે એ આલિમો કરતાં સારો છે જેઓ માલ અને દોલત તરફ ઝુકી જાય છે. કારણ કે એ નટ તો દુનિયાને દુનિયાદારી વડે મેળવે છે અને આ આલિમો દુનિયાને પોતાની દીનદારી વડે મેળવે છે.

મિર્કાત, શર્હે મિશ્કાત, જિલ્દ ૩ પા. ૬૨૫)

આ બધું જોયા જાણ્યા પછી કુર્આનને તાવીઝ સ્વરૂપે વેચનારા, કુર્આનની તાલીમ અંગે લોકો પાસેથી વળતર મેળવનારા અને કુર્આનની તફસીર લખી લખીને વેચનારાઓએ કાંઇક તો ખુદાથી ડરવું જોઇએ !

સાંભળી લો ! આ ઉમ્મતને આજે જે શિક્ષા મળી રહી છે તે આ શિર્કની શિક્ષા છે અને જો હજુ પણ શિર્કના આ બધા સ્વરૂપોથી તૌબા કરીને શુધ્ધ તૌહીદ તરફ પાછા ફરવાની કોશિશ કરવામાં નહિ આવી તો સંપુર્ણ વિનાશ નિશ્ચિત છે.

قُلْ سِيْرُوْا فِي الْاَرْضِ فَانْظُرُوْا كَيْفَ كَانَ عَاقِبَةُ الَّذِيْنَ مِنْ قَبْلُ كَانَ اَكْثَرُهُمْ مُّشْرِكِيْنَ-

( سورة روم آيت ۴۲ )

(સુરએ રૂમ : આ : ૪૨)

ભાવાર્થ : તેમને કહો કે જમીનમાં હરી ફરીને જુઓ કે તમારાથી પહેલાં કેટલીય વસ્તીઓ હતી જેમને ઉપર તળે કરી નાખવામાં આવી (છેવટે તેમનો ગુનો શું હતો ?) તેઓમાંના મોટા ભાગના મુશરિક બની ગયા હતા.

(સુરએ રૂમ : આ : ૪૨)

હા, જો ઇમાનને શિર્ક તજીને સાવ શુધ્ધ કરી લેવામાં આવે તો આજની અશાંતિ શાંતિમાં અને આબરૂવિહિનના આબરૂમાં પલટાઇ શકે છે.

اَلَّذِيْنَ اٰمَنُوْا وَلَمْ يَلْبِسُوْٓا اِيْمَانَهُمْ بِظُلْمٍ اُولٰٓئِكَ لَهُمُ الْاَمْنُ
وَهُمْ مُّهْتَدُوْنَ ○ (الانعام - آيت ٨٢)

ભાવાર્થ : જે લોકો ઇમાન લાવ્યા અને તેમણે પોતાના ઇમાનમાં શિર્કની ભેળસેળ નથી કરી તેમના માટે શાંતિ અને સલામતી છે અને તેઓ જ સીધો માર્ગ પામી ગયા.' (અલ–અન્આમ : આ : ૮૨)

આ આયતમાં વપરાયેલા શબ્દ 'ઝુલ્મ'નો અર્થ ખુદ નબીએ કરીમ જલ્લલ્લાહો અલયહે વ સલ્લમે શિર્ક બતાવ્યો છે. (બુખારી અને મુસ્લિમ)

આવો, દુઆ કરીએ કે માલિક ઉમ્મતે મુસ્લેમાને આ કહેવાતા આલિમોની બુરાઇઓ (શર)થી સુરક્ષિત રાખે અને શુધ્ધ ઇમાનની તોફીક આપે. (આમીન)

અંતમાં અમારો પોકાર છે કે

શું કોઇ એવો છે જે શિર્કને નાબુદ કરવા અને શુધ્ધ તોહીદને ફેલાવવામાં અમારો સાથ આપવા માટે તૈયાર હોય ? અને .....ક્યાં છે તે લોકો જેઓ સહાબાએ કિરામનાં પદચિહ્નોના માર્ગદર્શનમાં બાતિલને મિટાવાને સત્યને સ્થાપિત કરવા અંગે અમારા સહચર નથી ?

**કેપ્ટન ડોકટર મસઉદ્દુદ્દીન ઉસ્માની**
એમ.બી.બી.એસ. (લખનવ)
ફાઝિલ ઉલુમે દીનીયહ (વફાકુલ મદારિસ)

તોહીદ રોડ, કયામાડી કરાચી.
ફોન નં. ૨૭૧૮૯૭ અને ૨૭૬૪૫૧

( અમે અમારી કિતાબોની ન તો કોઇ કીમત વસુલ કરીએ છીએ કે ન તેને છાપવા અને પ્રકટ કરવા અંગે કશી પાબંદી લગાવીએ છીએ.)